અપીલ અરજી નં.૨૧૫ તા.૧૩–૧૦–૦૯/૧૦

અરજદારઃ– શ્રી દિલિપસિંહ જી. ઝાલા

સામાવાળાઃ– ડે.કમિશ્નર(પઅનેઈ) અને જાહેર માહિતી અધિકારી મધ્યસ્થ મહેકમ

***ફરીયાદની હકીકતઃ–***

***વિષય :–*** આરટીઆઈ એકટ હેઠળ શ્રી દિલિપસિંહ જી. ઝાલાની તા.૪–૯–૦૯ ની અરજીથી શ્રી રાજેન્દ્ર જે. ચપટવાલા કર્મ.નં.૧૦૮૧૪ સુરત મહાનગરપાલિકામાં નોકરીમાં જોડાયા ત્યારથી આજ દિન સુધી કયા કયા ખાતામાં કયા કયા હુકમથી કેટલા સમય સુધી ફરજ બજાવવી છે તેમજ શ્રી જનકકુમાર કે. જોષી કર્મ નં.૧૩૩૬૩ સુરત મહાનગરપાલિકામાં જોડાયા ત્યારથી કયા કયા હોદ્દા ઉપર કયા કયા હુકમથી કયા કયા વિભાગમાં કેટલા સમય માટે ફરજ બજાવેલ છે તેમજ શ્રી કમલેશ એન. ગાંધી કર્મ. નં.૧૧૫૮૬ ને તા.૧૦–૬–૦૬ થી તા.૧૭–૬–૦૬ સુધી તે સમયના મ્યુ.કમિશ્નરશ્રી પંકજભાઈ જોષી સાહેબે કર્મચારીને તેમની ગુમાસ્તાધારાની જગ્યાએ ફરજ બજાવતો હુકમ કર્યો હતો તેની માહિતી આપવા બાબત.

***સંદર્ભ :–*** અરજદાર મજકુરની તા.૧૩–૧૦–૦૯ ની અપીલ અરજી નં.૨૧૫/૨૦૦૯–૧૦

શ્રી દિલિપસિંહ જી. ઝાલાની તા.૪–૯–૦૯ ની અરજીથી ઉપરોકત વિષય સંદર્ભે શ્રી જનકકુમાર કે. જોષીની માહિતી જાણીજોઈને તેમની જાણમાં ખોટી,અધૂરી અને ગેરમાર્ગે દોરનારી આપેલ છે તેનાથી નારાજ થઈ એપેલેટ ઓફિસરને તા.૧૩–૧૦–૦૯ ના રોજ અપીલ કરવામાં આવેલ છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજીની નકલ, આપેલ માહિતીની નોંધ વિભાગ સહિત નકલ આપવા જોગ પૂરક માહિતીની વિગતો તથા વિલંબ/ વિસંગતતા હોય તો તેની સ્પષ્ટતાસહ પહોંચતી કરવા પત્ર નં.આરટીઆઈ સેલ/૭૯૩ તા.૨૧–૧૦–૦૯ થી ડે.કમિશ્નર(પઅનેઈ) અને જાહેર માહિતી અધિકારી મધ્યસથ મહેકમને પત્ર પાઠવવામાં આવેલ. જેના અનુસંધાને જાવક નં.જીએડી/ઈએસટી/૨૩૬૩ તા.૪–૧૧–૦૯ થી અત્રેના વિભાગને પૂરક વિગતો મળેલ છે. જેમાં નોંધ વિભાગ, તબદીલ પત્રની નકલ, અરજદારની મુળ અરજીની નકલ, નં.જીએડી/ઈએસટી/૪૭૨૭ તા.૩–૧–૧૯૯૦ ના ઓર્ડરની નકલ નં.જીએડી/ઈએસટી/૪૦૮ તા.૭–૫–૦૧ ના ઓર્ડરની નકલ, નં.જીએડી/ઈએસટી/૩૨૯૧ તા.૬–૧૧–૦૬ ના ઓર્ડરની નકલ, જનકુકમાર કે. જોષીના સર્વીસબુક રેકર્ડના પ્રથમ ૩ પાનાની નકલ તથા અરજદારને નં.જીએડી/ઈએસટી/૧૮૨૬ તા.૧૫–૯–૦૯ ના માહિતી પત્રની નકલ અત્રે રજૂ કરેલ છે.

અરજદારની તા.૪–૯–૦૯ ની અરજીથી શ્રી રાજેન્દ્ર જે. ચપટવાલા કર્મ.નં.૧૦૮૧૪ સુરત મહાનગરપાલિકામાં નોકરીમાં જોડાયા ત્યારથી આજ દિન સુધી કયા કયા ખાતામાં કયા કયા હુકમથી કેટલા સમય સુધી ફરજ બજાવવી છે તેમજ શ્રી જનકકુમાર કે. જોષી કર્મ નં.૧૩૩૬૩ સુરત મહાનગરપાલિકામાં જોડાયા ત્યારથી કયા કયા હોદ્દા ઉપર કયા કયા હુકમથી કયા કયા વિભાગમાં કેટલા સમય માટે ફરજ બજાવેલ છે તેમજ શ્રી કમલેશ એન. ગાંધી કર્મ. નં.૧૧૫૮૬ ને તા.૧ ૦–૬–૦૬ થી તા.૧૭–૬–૦૬ સુધી તે સમયના મ્યુ.કમિશ્નરશ્રી પંકજભાઈ જોષી સાહેબે કર્મચારીને તેમની ગુમાસ્તાધારાની જગ્યાએ ફરજ બજાવતો હુકમ કર્યો હતો તેની માહિતી માંગવામાં આવેલ છે. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી તરફથી" નં.જીએડી/ઈએસટી/૧૮૨૬ તા.૧૫–૯–૦૯ થીરાજેન્દ્ર જે. ચપટવાલા હુકમ નં. નં.જીએડી/ઈએસટી/૫૧૫૩ તા.૨૧/૨૩–૧૨–૮૫ મુજબ તા.૨૪–૧૨–૮૫ ના રોજ મહેકમ વિભાગમાં ત્રીજી શ્રેણીના કલાર્ક તરીકે જોડાયા હતાં. તા.૨૪–૧૨–૮૫ થી તા.૨૧–૯–૯૯ ૧૩ વર્ષ અને ૯ માસ સુધી મહેકમ વિભાગમાં, નં.જીએડી/ઈએસટી/૧૬૩૬ તા.૨૦–૯–૦૯ મુજબ બદલી, તા.૨૨–૯–૦૯ થી તા.૧૬–૬–૦૨ સુધી ૨વર્ષ અને ૯ માસ સુધી જકાત વિભાગમાં, અને હુકમ નં.જીએડી/ઈએસટી/૮૧૬ તા.૧૧–૬–૦૨ થી સીનીયર કલાર્ક તરીકે પ્રમોશન તા.૧૭–૬–૦૨ થી હાઈડ્રોલીક વિભાગમાં ફરજ બજાવે છે.

શ્રી જનક કે. જોષી કચેરી હુકમ નં.જીએડી/ઈએસટી/૪૭૨૭ તા.૩–૧–૯૦ મુજબ આરોગ્ય વિભાગમાં મુકાદમ તરીકે તા.૪–૧–૯૦ થી તા.૮–૧૧–૦૬ ૧૪ વર્ષ અને ૧૦ માસ સુધી આરોગ્ય વિભાગમાં, હુકમ નં.જીએડી/ઈએસટી/ ૪૦૮ તા.૭–૫–૦૧ મુજબ ત્રીજી શ્રેણી કલાર્ક તરીકે તા.૭–૫–૦૧ થી તા.૮–૧૧–૦૬ ૬ વર્ષ અને ૬ માસ સુધી હિસાબીશાખામાં અને હુકમ નં.જીએડી/ઈએસટી/૩૨૯૧ તા.૬–૧૧–૦૬ થી બદલી થતાં તા.૯–૧૧–૦૬ થી સા.વે.ઝોનમાં ફરજ બજાવે છે.

કચેરી હુકમ નં.જીએડી/ઈએસટી/૯૩૭ તા.૧૨–૬–૦૬ થી ગુમાસ્તાધારા વિભાગના કલાર્ક કમ–ટાઈપીસ્ટ કમલેશ એન. ગાંધી જેઓ ડે.કમિશ્નર(પઅનેઈ) કચેરીમાં ફરજ બજાવતાં હતાં. તેમને મુળ જગ્યા ફરજ બજાવવાનો હુકમ થતાં તેઓ તા.૧૩–૬–૦૬ થી ગુમાસ્તાધારા વિભાગમાં ફરજમાં હાજર થયા હતા." તેવી માહિતી જાહેર માહિતી અધિકારી કક્ષાએથી અરજદારને સમય મર્યાદામાં પૂરી પાડવામાં આવેલ છે. જેમાં શ્રી જનક કે. જોષી તા.૭–૫–૦૧ થી તા.૮–૧૧–૦૬ ના ફરજનો ગાળો હિસાબનીશ શાખામાં તેમજ આ જ સમયગાળામાં આરોગ્યના મુકાદમ તરીકે પણ દર્શાવેલ છે. જે અંગે અરજદારે તા.૧૩–૧૦–૦૯ થી અપીલ કરી સદર વિસંગતતા બાબતે તકરારી મુદ્દા અંગે રજૂઆત કરેલ છે. તેમજ તે અંગે માહિતી ખોટી અધૂરી અને ગેરમાર્ગે દોરનારી માહિતી અંગે દંડકીય પગલા ભરવાની રજૂઆત કરેલ

છે. જે અત્રે મોકલેલ ઓર્ડરોની વિગત જોતાં તા.૭–૫–૦૧ થી તા.૮–૧૧–૦૬ મજકુર કર્મચારી હિસાબનીશ વિભાગમાં ઓર્ડર જણાય છે. તેમજ સર્વીસબુક રેકર્ડમાં પણ અરજદાર તે જ સમય દરમ્યાન કલાર્ક તરીકે હિસાબનીશ ખાતામાં દર્શાવેલ છે. આથી અરજદારને મુકાદમ તરીકે સર્વીસબુકમાં તા.૪–૧–૨૦૦૧ છેલ્લી ઈન્ક્રીમેન્ટની વિગત દર્શાવેલ છે. જયારે નિમણૂંક તા.૩–૧–૯૦ સર્વીસ રેકર્ડમાં જણાવેલ છે. હકીકત જોતાં અરજદારે તા.૩–૧–૯૦ થી મુકાદમ તરીકે બજાવેલી ફરજની આપેલી વિગતમાં વિસંગતતા જણાય છે. જે અંગે સ્પષ્ટતા કરી મુકાદમા તરીકે બજાવેલ ફરજની માહિતી પૂરી પાડવાની રહે.

***હુકમ***

અરજદારની મુળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

અરજદારની તા.૪–૯–૦૯ ની અરજીથી માંગવામાં આવેલી માહિતી પૈકી શ્રી જનક કે. જોષીની ફરજની તા.૪–૧–૯૦ થી તા.૮–૧૧–૦૬ મુકાદમ તરીકેની ફરજમાં તથા કલાર્ક તરીકે તા.૭–૫–૦૧ થી તા.૮–૧૧–૦૬ ની માહિતી પૂરી પાડેલ છે. જેમાં તા.૭–૫–૦૧ થી તા.૮–૧૧–૦૬ નો સમયગાળો મુકાદમ અને કલાર્ક બંને હોદ્દાઓમાં દર્શાવેલ છે. જે અંગેની વિસંગતતા બાબતે દફતરી ઉપલબ્ધ હકીકતલક્ષી માહિતી જાહેર માહિતી અધિકારી તરફથી આરટીઆઈ એકટની કલમ–૭(૬) હેઠળ વિના મૂલ્યે અત્રેની જાણ હેઠળ દિન–૭ માં અરજદારને પૂરી પાડવા ડે.કમિશ્નર(પઅનેઈ) અને જાહેર માહિતી અધિકારી મધ્યસ્થ મહેકમને જણાવવામાં આવે છે.

નં.આરટીઆઈસેલ/
તારીખ : –૧૧ – ૦૯

ડે.કમિશ્નર(જનરલ),
અને એપેલેટ ઓફિસર
સુરત મહાનગર પાલિકા

પ્રતિ
(૧) ડે.કમિશ્નર(પઅનેઈ) અને જાહેર માહિતી અધિકારી.મધ્યસ્થ મહેકમ .... જાણ તથા અમલ માટે
(૨) શ્રી દિલિપસિંહ જી. ઝાલા,